ગ્રાહકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા (એનર્જી
એફીસીયન્ટ) પંપ બેસાડવાની યોજના

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ઇસીએન/૧૧/૨૦૦૯/૫૫૫૮૯૧/બ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 11 JUN 2010

વંચાણે લીધાઃ (૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ નંબરઃ ઇસીએન- ૧૨૦૮-૧૧૫-ક.૧, તા.૧૬-૭-૨૦૦૮

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ નંબરઃ ઇસીએન- ૧૨૦૮-૧૧૫-ક.૧, તા.૧૨-૧૧-૨૦૦૮

(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ નંબરઃ ઇસીએન- ૧૨૦૮-૧૧૫-ક.૧, તા.૨૦-૨-૨૦૦૯

આમુખ :-

આ વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમાંક નં. (૧) આગળના તારીખ ૧૬-૦૭-૨૦૦૮ ના ઠરાવથી રાજ્યમાં ખેડૂતો દ્વારા તેમના કૂવાઓ ઉપર હાલમાં જે પંપ બેસાડવામાં આવે છે તેને સ્થાને ઉચ્ચ ગુણવત્તાવાળા પંપો બેસાડવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં સુરેન્દ્રનગર જીલ્લાના હળવદ, બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ, મહેસાણા જીલ્લાના વિજાપુર, ગાંધીનગર જીલ્લાના માણસા અને અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાનો સમાવેશ કરવાનું ઠરાવવામાં આવેલ છે.

સદરહુ યોજનાને મળેલ હકારાત્મક પ્રતિસાદને ધ્યાને લઇને વંચાણે લીધેલ (૩) સામેના ઠરાવથી મહેસાણા જીલ્લાના વિસનગર અને મહેસાણા તાલુકા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અને ડીસા તાલુકામાં તેમજ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને પ્રાંતિજ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યોજના અન્ય ૩(ત્રણ) તાલુકાઓમાં શરૂ કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

રાજ્ય સરકારે પુખ્ત વિચારણાને અંતે તારીખ ૧૬-૦૭-૨૦૦૮ તથા તા. ૨૦-૨-૨૦૦૯ ના ઠરાવામાં દર્શાવેલ તાલુકાંઓ ઉપરાંત નીચે મુજબના જિલ્લાઓના તાલુકાઓમાં પણ ખેડૂતો દ્વારા તેમના કૂવાઓ ઉપર હાલમાં જે પંપ બેસાડવામાં આવેલ છે તે બદલીને ઉચ્ચ ગુણવત્તાવાળા પંપ બેસાડવાની યોજના અમલમાં મૂકવાનો નિર્ણય કરેલ છે.

| ક્રમ | જીલ્લાનું નામ | તાલુકાનું નામ |
|---|---|---|
| ૧. | બનાસકાંઠા | દિયોદર |
| ૨. | ગાંધીનગર | ગાંધીનગર |
| ૩. | મહેસાણા | ખેરાલુ |

યોજનાના અમલીકરણ માટે વંચાણે લીધેલ ઠરાવ સામેના ક્રમાંક : (૧) અને (૨) ની તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યના માન.રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજયસિંહ મંડોરા)
ઉપસચિવ,
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર-પત્ર દ્વારા
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લમીટેડ, વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ.
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ સંસ્થા, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ટોરેન્ટ પાવર લી. (અમદાવાદ યુનિટ), અમદાવાદ.
- વિભાગના સર્વે અધિકારીશ્રી, /સેકશન અધિકારીશ્રી,
- સિલેકટ ફાઇલ.